www.prepp.in

Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2016 MAINS PAPER 7 DECEMBER 09, 2016 GUJARATI LITERATURE OPTIONAL PAPER - II QUESTION PAPER

# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| નિર્ધારિત સમય : ત્રણ કલાક<br>*Time Allowed : **Three Hours*** | મહત્તમ ગુણ : 250<br>*Maximum Marks : **250*** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

*પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :*

*અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.*

*ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્નની સામે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*ઉત્તર ગુજરાતીમાં જ લખવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

### QUESTION PAPER SPECIFIC INSTRUCTIONS

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Questions no. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

## SECTION A

**Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) :** *10×5=50*

(a) કો કહે ઈન્દુ, કો કહે કામ,
એને રૂપે હાર્યા કેશવરામ. *10*

(b) દિસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં !
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં ? *10*

(c) એક મહિનો તમે શૂં કહો એક પલક ન જાયે,
દેહમાં જીવ રહે નહિ બીજોગ તહમારો થાયે. *10*

(d) કર્મજડને કર્મ વ્હાલાં, પણ મર્મ ન પ્રીછે બ્રહ્મનો;
ફરી ફરી તે આચરે, પણ ટળે નહિ દેહ ચર્મનો. *10*

(e) હું બોલ્યા વગર જોઈ શકું છું.
કાને સાંભળેલું મનમાં રાખી શકું છું.
જાતે રંગાયા વિના સૌ રંગ જોઈ શકું છું. *10*

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક દૃષ્ટિથી ચર્ચા કરો :**

(a) 'વસંતવિલાસ' માં પ્રકૃતિ અને પ્રણયનું આલેખન. *20*

(b) 'ચંદ્ર ચંદ્રાવતીની વારતા' નાં મુખ્ય કથાઘટકો. *15*

(c) 'ફારબસવિરહ' માં ભાવ-સંવેદનની તીવ્રતા અને કવિત્વના ચમકારા. *15*

**Q3. સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો :**

(a) 'રાઈનોપર્વત' માં નીતિભાવના અને સમાજસુધારાની ભાવનાનું આલેખન. *20*

(b) 'મારી હકીકત' માં નર્મદની સત્યનિષ્ઠા અને સર્જકતા. *15*

(c) 'અખેગીતા' માં જીવ, જગત અને ઈશ્વર પર વ્યક્ત થયેલા વિચારો. *15*

**Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો :**

(a) 'સરસ્વતીચંદ્ર-ભાગ : 1' નાં નારીપાત્રો. *20*

(b) 'પૂર્વાલાપ' માં દામ્પત્યપ્રેમનાં કાવ્યો. *15*

(c) 'કાદંબરી' માં ભાવવાહી ચિત્રો. *15*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## SECTION B

**Q5.** **નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) :** *10×5=50*

(a) ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન. *10*

(b) હું શ્વાસ લેતો હતો; જીવતો હતો ઓછો જ ? *10*

(c) ગાયની રક્ષા કરવાનો ઉપાય એક જ છે,
કે મારે મારા મુસલમાન ભાઈની પાસે હાથ જોડવા ને
તેને દેશની ખાતર ગાયને ઉગારવા સમજાવવું. *10*

(d) હું કોઈનો પ્રતિનિધિ નથી માત્રા સમસ્ત ગુજરાતનો છું. *10*

(e) ઢાંક તો અમારી મા કહેવાય. દીકરીનાં માગાં હોય,
પણ માનાં માગાં ક્યાંય દેખ્યાં છે ? *10*

**Q6.** **સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો :**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર' માં વિલક્ષણ નારીસૃષ્ટિ. *20*

(b) 'કાવ્યની શક્તિ' માંથી પ્રગટ થતી રામનારાયણ પાઠકની વિવેચક-મુદ્રા. *15*

(c) 'જનાન્તિકે' ના નિબંધોમાં પ્રકૃતિરાગ અને સર્જનાત્મક ગદ્ય. *15*

**Q7.** **નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો :**

(a) 'માનવીની ભવાઈ' માં ગ્રામપરિવેશનું નિરૂપણ. *20*

(b) 'પાટણની પ્રભુતા' માં ઐતિહાસિક સન્દર્ભ અને ક.મા. મુનશીની સર્જકપ્રતિભા. *15*

(c) 'ધ્વનિ' માં ગ્રંથસ્થ ગીતરચનાઓ. *15*

**Q8.** **સમીક્ષાત્મક નોંધ લખો :**

(a) 'હિન્દસ્વરાજ' માં વ્યક્ત થતી ગાંધીજીની રાષ્ટ્રભાવના. *20*

(b) 'સપ્તપદી' માંથી પ્રગટતી ઉમાશંકર જોશીની કવિપ્રતિભા. *15*

(c) એક નાટ્યપ્રયોગ તરીકે 'અશ્વત્થામા' ની વિશેષતા. *15*